150 YEARS OF CELEBRATING THE MAHATMA

# કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી-પોરબંદર

જિલ્લા સેવા સદન-૧, પ્રથમ માળ, રૂમ નં.૧૧૨, એરપોર્ટ સામે, પોરબંદર.

ફોન નં.૦૨૮૬૨૨૨૦૮૦૦ ફેક્સ નં.૨૨૨૦૮૦૧,

Email:-collectorpbradm1@gmail.com, Web Site:-https://collectorporbandar.gujarat.gov.in

## પ્રેસનોટ ( તારીખ:-૦૧/૦૫/૨૦૨૦, ૧૬-૦૦ કલાક)

- પોરબંદર જિલ્લાના જે વિસ્તારમાં કોરાના વાયરસ પોઝીટીવ આવેલ છે, તે વિસ્તાર (૧) પોરબંદર શહેરના જી.આઈ.ડી.સી. વિસ્તારના આશાપુરા ચોક પાસે આવેલ રમણ પાર્કની કૃપાલી પ્રોવિઝન સ્ટોરવાળી શેરી અને (૨) પોરબંદર શહેરના જુના કુવારા પાસે જુની પોલીસ લાઇનને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોરબંદરના તા.૦૯/૦૪/૨૦૨૦ના જાહેરનામાથી **કલસ્ટર કવોરન્ટાઇન વિસ્તાર** જાહેર કરવામાં આવેલ હતાં. આ વિસ્તારમાં તા.૦૧/૦૪/૨૦૨૦ પછી આ મહામારીના કોઈપણ પોઝીટીવ કેસ નોંધાયેલ નથી. તથા આ વિસ્તારમાં દરેક શંકાસ્પદ વ્યક્તિઓના તમામ કોન્ટેક્ટ ટ્રેસીંગની કામગીરી કરવામાં આવેલ છે. તેમજ ત્યાંના રહીશોમાંથી ૯૦ ટકા ઉપરના વ્યક્તિઓના સેમ્પલ લેવામાં આવેલ છે. જે તમામ રીપોર્ટ નેગેટીવ આવેલ છે. જેથી હવેથી આ વિસ્તારોને કન્ટેઇનમેન્ટ ઝોનના નિયત્રંણમાંથી મુક્ત જાહેર કરવા જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોરબંદર દ્વારા જાહેરનામુ બહાર પાડવામાં આવેલ છે.જેની સંબંધિતોએ નોંધ લેવી.
- જાહેર જગ્યાએ માસ્ક ન પહેરવા બદલ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોરબંદરના હુકમનો ભંગ કરવા સબબ Indian Penal Code ની કલમ ૧૮૮ તળે તથા Epidemic Diseases Act, 1897ને આધિન તા.૨૭થી ૦૧/૦૫/૨૦૨૦ સુધીમાં કુલ-**૫૩,૦૫૦/-રૂપિયાનો દંડ વસૂલ કરવામાં** આવેલ છે. જેની નગરપાલીકા વાઇઝ નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લો | નગરપાલિકાનું નામ | અત્યાર સુધી વસૂલ કરેલ દંડની રકમ | અત્યાર સુધી દંડ વસૂલ કરેલ વ્યક્તિઓની સંખ્યા |
|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 6 | 7 |
| 1 | પોરબંદર | પોરબંદર | ૪૪,૮૫૦ | ૨૨૮ |
| 2 | | છાંયા | ૨,૬૦૦ | ૧૩ |
| 3 | | રાણાવાવ | ૪,૪૦૦ | ૨૨ |
| 4 | | કુતિયાણા | ૨૦૦ | ૧ |
| | | **Total** | **૫૩,૦૫૦** | **૨૬૪** |

- કેન્દ્ર સરકારનાં ગૃહ વિભાગ દ્વારા તા.૨૦/૦૪/૨૦૨૦થી ઉદ્યોગો શરુ કરવા અંગે વિસ્તૃત ગાઈડલાઈન જાહેર કરવામાં આવેલ છે. જે ધ્યાને લઇ ગુજરાત રાજ્ય સરકારનાં ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા કેન્દ્રીય ગૃહ વિભાગની ગાઈડલાઈનનાં ચુસ્ત પાલન કરવાની સહમતિ મેળવીને ઉદ્યોગગૃહોને ચાલુ કરવાની માટે પોરબંદર જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી દ્વારા જુદી-જુદી કેટેગરીના કુલ-૨૭૦ યુનીટને પરવાનગી આપવામાં આવેલ છે.
  - **જે અંગેની યાદી નં.૧, યાદી નં.૨, યાદી નં.૩, યાદી નં.૪, યાદી નં.૫ અને યાદી નં.૬** અત્રેની વેબસાઇટ https://collector porbandar.gujarat. gov.in પર અપલોડ કરવામાં આવેલ છે. પોરબંદર જીલ્લામાં આવેલ સદરહું એકમોને ચાલુ રાખવા મંજુરી મળવા અંગે મળેલ અરજીઓને નિગાહે લઇ યાદી મુજબ ઔધોગિક એકમોને પરવાનગી આપવામાં આવેલ છે. પોરબંદર જીલ્લામાં આવેલ સદરહું એકમ MHA Order No. 40-3/2020 DM-I (A), તા.15/04/2020ની ગાઈડલાઈન નં.15(1) પ્રમાણે તથા માન. મુખ્યમંત્રીશ્રીનાં



Scanned with CamScanner

અધ્યક્ષ સ્થાને તા. ૧૮/૦૪/૨૦૨૦નાં રોજ મળેલ હાઇપાવર કમિટીમાં લેવાયેલ નિર્ણય મુજબ હાલ નગરપાલિકા વિસ્તાર બહાર આવેલ ઔદ્યોગીક એકમોને તેમનુ એકમ ચાલુ કરવા પરવાનગી આપવાની મંજુરી મળવાપાત્ર છે.

- પોરબંદર જિલ્લામાં અગાઉ ૦૩(ત્રણ) કોરોનાના કેસ પોઝીટીવ થયેલ છે. આથી અત્રેના જિલ્લામાં લોકડાઉન દરમિયાન જિલ્લામાં જીવન જરૂરીયાતની વસ્તુઓ, દુકાનો અને સેવાઓ ચાલુમાં છે જેમાં કરીયાણાની દુકાનો, મેડીકલની દુકાનો, શાકભાજી, દુધ, પત્રકાર, એફ.સી.એસ.વ્યાજબી ભાવની દુકાનોમાં કામ કરતા લોકો દિવસ દરમિયાન જુદા-જુદા લોકોના સંપર્કમાં આવતા હોવાથી તેઓનું સ્ક્રેનીંગ-સ્ક્રીનીંગ મેડીકલ ટીમ મારફતે કરવા માન.કલેકટરશ્રીની સુચના મુજબ નિવાસી અધિક કલેકટરશ્રી દ્વારા ટીમની રચના કરી આદેશ કરવામાં આવે છે. ***જે આદેશાનુસાર ટીમ દ્વારા કુલ-૭૨૯ દુકાનોમા કામ કરતાં કુલ-૨૧૫૮ વ્યક્તિઓના સ્ક્રેનીંગ કરવામાં આવેલ છે. જે તમામના રીપોર્ટ તંદુરસ્ત આવેલ છે.***
- પોરબંદર જિલ્લામાં જુદી-જુદી કુલ-**૧૦૪ એન.જી.ઓ./સ્વૈચ્છિક સંસ્થાઓ** દ્વારા ઘરવિહોણા અને અનાથ જેવા વ્યક્તિઓ માટે આજ દિન સુધી **કુલ-૭,૫૪,૫૮૬ વિવિધ પ્રકારના ફૂડસ પેકેટની** વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ અંગે પોરબંદર જિલ્લામાં ફૂડ્સ પેકેટ્સની મદદ કરવા માંગતી **એન.જી.ઓ./સ્વૈચ્છિક સંસ્થાઓએ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, પોરબંદર શ્રી કે.વી.મિયાણી(મો.નં.-૯૪૨૭૧૪૭૬૭૬)** નો સંપર્ક કરવાનો રહેશે.
- પોરબંદર જિલ્લા ખાતે કુલ-૯(નવ) ક્વોરન્ટાઈન સ્થળ ખાતે ફેસીલીટી નક્કી કરવામાં આવેલ છે.
- હાલમાં **જિલ્લા ક્વૉરેન્ટાઈન** ખાતે કુલ-**૬૯૭ વ્યક્તિ** રાખવામાં આવેલ જે પૈકી **૬૬૦ વ્યક્તિઓને ડિસ્ચાર્જ** કરેલ છે અને હાલ **૨૭ વ્યક્તિઓ ચકાસણી હેઠળ છે.**
- **હોમ** ક્વોરન્ટાઈનમાં **કુલ-૧૮૬૮ વ્યક્તિઓ** ચકાસણી હેઠળ રાખવામાં આવેલ હતા **જે પૈકી ૧૨૧૦ વ્યક્તિઓનું હોમ ક્વોરન્ટાઈન પૂર્ણ થઈ ગયેલ છે.**
- વ્યક્તિઓની ચકાસણી માટે ડોર ટૂ ટોર સર્વે કરવાનો પ્રથમ રાઉન્ડ તા.૦૬/૦૪/૨૦૨૦ ના રોજ **પુર્ણ થયેલ છે, જેમાં ૧,૩૮,૩૩૨ ઘર (૬,૨૧,૫૫૦ વ્યક્તિઓ)નો** સર્વે કરવામાં આવેલ છે. જ્યારે બીજા રાઉન્ડમાં **૫,૯૭,૦૭૭ વ્યક્તિઓનો** સર્વે કરવામાં આવેલ છે.
- હાલ સુધીમાં શંકાસ્પદ વ્યક્તિઓના લેવામાં આવેલ **કુલ-૮૦૯ સેમ્પલ નેગેટીવ અને ત્રણ(૩) સેમ્પલ પોઝીટીવ આવેલ.** જે ત્રણેય પોઝીટીવ આવેલ વ્યક્તિઓને રીકવરી આવતાં તેઓને હોસ્પિટલથી વિદાય આપવામાં આવી છે. હાલમાં સીવીલ હોસ્પિટલ, ગ્લોબલ હોસ્પિટલ અને મોરારજી ખેરાજ ઠકરાર ઓર્થોપેડીક હોસ્પીટલ, પોરબંદર ખાતે એમ **કુલ-૩ સ્થળ પર આઈસોલેશન સ્થળ** તરીકે જાહેર કરવામાં આવેલ છે.
- અત્યાર સુધીમાં જિલ્લામાં આવેલ જુદા-જુદા એન્ટ્રી પોઈન્ટ ઉપરથી કુલ **૪૧,૯૭૯ વ્યક્તિઓની સ્ક્રીનીંગ** ચકાસણી કરવામાં આવેલ છે.
- બોટ કવોરન્ટાઇનમાં કુલ **૧૪૭ વ્યક્તિ** ચકાસણી હેઠળ રાખવામાં આવેલ છે.
- સેલ્ફ કવોરન્ટાઇનમાં કુલ **૯૭ વ્યક્તિ** ચકાસણી હેઠળ રાખવામાં આવેલ છે.

**(રાજેશ એમ. તન્ના)**
**અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ**
**જિલ્લો પોરબંદર**

**પ્રતિ,**
સહાયક માહિતી નિયામકશ્રી, માહિતી ખાતુ, જિલ્લા સેવા સદન-૨, પોરબંદર.

D:\DGSalvi\ADM-1\Corona\Press Note\Note\01-05-2020.docx

Scanned with CamScanner